Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number | | | | | |

Candidate Number | | | | |

# Pearson Edexcel Level 3 GCE

**Time** 2 hours 30 minutes

**Paper reference** **9GU0/01**

# Gujarati

## Advanced

## PAPER 1: Translation into English, Reading comprehension and Writing (research task)

**You do not need any other materials.**
**Dictionaries are not allowed in this examination.**
**Documentation relating to the research is not allowed in this examination.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer Question 1 in Section A. Answer **all** questions in Section B. You must answer **one** question from Section C. Write approximately 300 to 350 words for questions in Section C.
- We recommend you spend 20 minutes on Section A: Translation into English, 45 minutes on Section B: Reading comprehension and 1 hour 25 minutes on Section C: Writing (research task).
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*

## Information

- The total mark for this paper is 80.
- The marks for **each** question are shown in brackets.

## Advice

- Read each question carefully before you start to answer it.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2022 Pearson Education Ltd.


Pearson

DO NOT WRITE IN THIS AREA

## SECTION A: TRANSLATION INTO ENGLISH

**Write your answer in the space provided.**

**We recommend you spend around 20 minutes on this section.**

**1** Translate the following blogpost about attitudes towards marriage and family from Gujarati into **English**.

"મારા પિતાજી કહેતા, કુટુંબ નાના-મોટા બધાને સુરક્ષા પૂરી પાડે છે પરંતુ મારા બિનઅનુભવીપણાને લીધે મેં તેમની વાતનો વિશ્વાસ ન કર્યો.

જ્યારે મેં મારા મનપસંદ યુવક સાથે લગ્ન કર્યાં ત્યારે દેખીતી રીતે અમે મારા સાસરિયાના સંયુક્ત પરિવારમાં રહેવા ગયાં. એ સમય દરમ્યાન, મારા કરતાં અલગ વલણો અને સ્વભાવ ધરાવતા સગાંસંબંધીઓ સાથે રહેવાથી હું નારાજ હતી. રોજરોજની દલીલબાજીથી થાકી ગઈ હતી. મને લાગ્યું કે બધાથી દૂર જવું સારું."

તેમના આલીશાન બંગલાનાં સુખચેનને છોડીને યુવાન દંપતીએ પરદેશગમન કર્યું. ત્યાં ન હતી કોઈની સતત ટીકાટિપ્પણીઓ, સલાહો કે વડીલોની આજ્ઞાઓ. થોડા મહિનાઓ માટે તેઓએ સ્વતંત્ર અને ચિંતામુક્ત જીવનની મજા માણી! ત્યારબાદ તેઓને ખાલીપો ઘેરી વળ્યો. આજે તેમને પ્રેમાળ ઘરનું મૂલ્ય સમજાય છે.

**(20)**

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................

.................................................................................................................................................



P 7 4 0 6 4 A 0 2 1 6

**(Total for Question 1 = 20 marks)**

**TOTAL FOR SECTION A = 20 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**SECTION B: READING**

**We recommend you spend around 45 minutes on this section.**

**Open-response questions do not have to be written in full sentences and you may respond using single words or phrases.**

**You may use words from the texts but you must not copy whole sections.**

**2** વ્યવસાયો તરફ પરંપરાગત અને આધુનિક અભિગમ વિશે ઇન્ટરનેટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચો.

**વ્યવસાય**

ગુજરાતમાં *આત્મા યોજના* દ્વારા કૃષિમેળા અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. તેમાં ભાગ લઈ, માર્ગદર્શન મેળવી મહિસાગર જિલ્લાના વિરપુર ગામના પ્રગતિશીલ ખેડૂતે પરંપરાગત તથા આધુનિક એમ બંને ઢબે ખેતી કરી આર્થિક સધ્ધરતા અને સફળતા પ્રાપ્ત કરી છે.

તેઓ જૂની પદ્ધતિથી કૃષિ કરતા હતા. સારું અને ઉચ્ચ ગુણવત્તાવાળું બિયારણ લાવતાં ન હતા તેથી ખેતી ખર્ચના વધારા સામે ઉત્પાદન ઓછું મળતું હતું.

વાવણી માટે કૃષિ વૈજ્ઞાનિકો તેમજ *આત્મા યોજનાના* અધિકારીઓની તાલીમ અને માર્ગદર્શન મુજબ આ ખેડૂતે અગાઉથી તૈયાર કરેલ ખેતરમાં કુદરતી ઉપરાંત નાઇટ્રોજન ખાતર, પાણી તથા મૂળના ખાસ રક્ષણ માટે જંતુનાશક દવા નાખી હતી. રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરી જૈવિક ખાતરોનો વપરાશ વધુ કર્યો જેથી પાકના ઉત્પાદનમાં અને જમીનની ફળદ્રુપતામાં વધારો થયો.

આ રીતે, ઓછા પાણીવાળા વિસ્તારમાં સમયસર અને ખૂબ માવજતપૂર્વક ખેડ કરી વરિયાળીનું વધારે ઉત્પાદન મેળવી શકાય છે. આ યોજનાથી ઘણા ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને પ્રેરણા મળી છે.



P 7 4 0 6 4 A 0 4 1 6

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

નીચે આપેલાં દરેક વાક્યને પૂરું કરવા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તે ખાનામાં ☒ ચોકડી મૂકો.

(i) આધુનિક પદ્ધતિઓથી ... માં વધારો થયો છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** સંપત્તિ |
| ☒ | **B** નવા પાક |
| ☒ | **C** પ્રવાસીઓ |
| ☒ | **D** સમસ્યાઓ |

(ii) પહેલાની રીતો ... હતી.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ઉત્તમ |
| ☒ | **B** સસ્તી |
| ☒ | **C** બિનકાર્યક્ષમ |
| ☒ | **D** ઝડપી |

(iii) ફેરફારો ... પર આધારિત છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** તબીબી સલાહ |
| ☒ | **B** સામાન્ય જ્ઞાન |
| ☒ | **C** ખેડૂતોની સલાહ |
| ☒ | **D** વૈજ્ઞાનિક સલાહ |

(iv) હાલમાં કાર્યરત પદ્ધતિઓ માટે ... ની ઓછી જરૂર પડે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** માટી |
| ☒ | **B** બી |
| ☒ | **C** નીંદણ |
| ☒ | **D** રસાયણો |

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA

**3** યુવાનોના જીવન પર ઇન્ટરનેટની અસર વિશે એક ટૂંકી ગુજરાતી વાર્તામાંથી લેવાયેલો ફકરો વાંચો.

**વિનયભાઈની મુલાકાતે**

જ્ઞાન સાથે ગમ્મત કરાવે તેવા મિત્રોમાંના એક એટલે વિનયભાઈ. એક સાંજે એમનો ઇ-મેઇલ આવ્યો કે તેઓ એક કામસર અમદાવાદ આવે છે તો અમે બધા મિત્રો તેમને મળી શકીએ કે કેમ? અમે તરત જ હા પાડી કારણ કે બધા નવરા જ હતા અને પાછો શનિવાર પણ હતો. તેઓને તેમના જ શહેરમાં મળવાનો મોકો અમે ગુમાવેલો એટલે આ વખતે તો મળવું જ હતું. *બરિસ્ટા* બંધ હતું પણ ચોકલેટ ફેક્ટરી ખુલ્લી હતી.

થોડા કલાકો અમે ઇન્ટરનેટ, બ્લોગ જગત અને રાણીની વાતો કરી. લેક્સિકોન અને મોબાઇલમાં ગુજરાતી કેવી રીતે જોઈ શકાય તેની રસપ્રદ ચર્ચા પણ કરી. કૉફી પણ સરસ હતી. વધુમાં તેમના માટેનું માન વધી ગયું જ્યારે તેમણે કહ્યું કે ભલે ઉંમરમાં તમે નાના છો પણ બ્લોગ જગતમાં તમે મારાથી વરિષ્ઠ છો.

બ્લોગના ફાયદા શું છે અને કેટલી ક્લિક મળી તેના મહત્ત્વ કરતાં વિનયભાઈ જેવા બીજા અનેક મિત્રો મળ્યા છે એ વાતથી મારું બ્લોગ જીવન સાર્થક છે.

ક્યા વાક્યો સાચાં છે તે જણાવો અને ચાર સાચાં વાક્યો ચોકડી ☒ દ્વારા જણાવો.

| | | |
|---|---|---|
| ☒ | **A** | વિનયભાઈ શાંત સ્વભાવના છે. |
| ☒ | **B** | વિનયભાઈ અમદાવાદમાં કામ કરતા હતા. |
| ☒ | **C** | તેઓએ મળવાનું નક્કી કર્યું. |
| ☒ | **D** | પહેલેથી નક્કી કરેલા સ્થળે તેઓથી જઈ શકાયું નહીં. |
| ☒ | **E** | મળવાને બદલે તેઓએ ઓનલાઈન વાતો કરી. |
| ☒ | **F** | તેઓએ *બરિસ્ટામાં* ચા પીધી. |
| ☒ | **G** | *ઇન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજીમાં* કૌશલ્ય મેળવવા માટે ઉંમર અગત્યની નથી. |
| ☒ | **H** | ઓનલાઈન પર વધારે ક્લિક એ સફળતાનું પ્રમાણ છે. |

**(Total for Question 3 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**4** પર્યાવરણની સમસ્યાઓ તરફ બદલાતા વલણ વિશે ઇન્ટરનેટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચી નીચેના સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**પર્યાવરણ**

પર્યાવરણની સમસ્યાઓ ઘટાડવા અને પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવવા દર વર્ષે જૂન મહિનામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં અભિયાન અને ચર્ચાઓ કરવાની સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે, જેમ કે ઊર્જા ઉપકરણોનો ઉપયોગ, પ્રાણી સંરક્ષણ, વૃક્ષારોપણ, વરસાદના પાણીનો સંગ્રહ અને પુન:વપરાશમાં લેવાની વસ્તુઓનો ઉપયોગ.

ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગ દ્વારા વૃક્ષ વાવેતર જેવી બાબતોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ ઉપરાંત, *ડિપાર્ટમેન્ટ ફોર ક્લાઇમેટ ચેઇન્જ* નામે અલગ વ્યવસ્થાતંત્ર શરૂ કરવામાં આવ્યું છે. જેનો હેતુ પ્રજાને પર્યાવરણ બાબતે જાગૃત કરી લોકોના દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવાનો છે.

એક ગુજરાતી બાળાએ ગુજરાતનાં અમુક ગામોમાં પર્યાવરણની રક્ષા બાબતે ઘણાં ભાષણો આપ્યાં છે તેમજ હવામાન પલટા માટે તેણી કાયદો લાગુ કરવાની માંગ કરી રહી છે. દાહોદ, ગુજરાતમાં પ્લાસ્ટિકથી પર્યાવરણને થતાં નુકસાનને રોકવા બાબત જન જાગૃતિ માટે એક અનોખા પ્રયોગ તરીકે *પ્લાસ્ટિક કૅફે* શરૂ કરાયું છે. જેમાં બધી જાતના પ્લાસ્ટિક લેવાય છે અને તેના વજન પ્રમાણે ચા-નાસ્તો આપવામાં આવે છે. આ બધા પ્લાસ્ટિક પુન:ઉપયોગ માટે વેચાય છે.

(a) ગુજરાતમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની કોઈ **એક** અસર વિશે જણાવો.

**(1)**

..............................................................................................................................................

(b) આ માહિતી કેવી રીતે આપવામાં આવે છે?

**(1)**

..............................................................................................................................................

(c) શાસન દ્વારા કઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે? **બે** વિગતો આપો.

**(2)**

..............................................................................................................................................

..............................................................................................................................................

(d) આપણે કેવી રીતે જાણી શકીએ કે યુવાવર્ગ આ બાબતે ઉત્સાહિત છે?

**(1)**

..............................................................................................................................................

(e) દાહોદના કૅફેની શું ખાસિયત છે?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 4 = 6 marks)**

**5** ઇ-સમાચારપત્ર પર પ્રકાશિત થયેલો લેખ વાંચી નીચેના સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**કાપડ ઉદ્યોગનો વિકાસ**

વેપાર એ ગુજરાતી પ્રજાની એક જીવન પ્રણાલી છે. લગભગ બે સદીઓ પહેલાં જન્મેલા રણછોડલાલને ગુજરાતના કાપડ ઉદ્યોગના પિતા ગણવામાં આવે છે.

તેઓએ ગુજરાતમાં *અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિવીંગ કંપની* નામની કાપડની મિલની સ્થાપના કરી હતી. પ્રગતિ કરતી મિલમાં રૂ કાંતવાની સાથે સાથે સુતરાઉ કાપડ વણવાનાં યંત્રો આવતાં નિકાસમાં વધારો થયો અને ખૂબ ફાયદો થયો. તેથી રણછોડલાલે તકિયા, ચાદરો, રૂમાલ તેમજ રેશમી કોરના ધોતિયાં બનાવતી બીજી મિલ પણ શરૂ કરી જેથી બેરોજગારીમાં ઘટાડો થયો. ત્યારબાદ અમદાવાદમાં બીજી ઘણી કાપડની મિલોની સ્થાપના થઈ હતી. ભારતનાં મોટા ભાગનાં કાપડનું ઉત્પાદન અમદાવાદમાં જ થતું હતું આથી આ શહેર હિન્દુસ્તાનના માન્ચેસ્ટર તરીકે ઓળખાતું હતું.

કસ્તુરભાઈએ ઉચ્ચ ગુણવત્તાવાળું સ્વદેશી કાપડ બનાવવાના લક્ષ્ય સાથે *અરવિંદ મિલની* સ્થાપના કરી હતી. કાપડ માટેનો રંગ, ફાર્માસ્યુટિકલ્સ અને રસાયણ ક્ષેત્રે સફળતા મેળવ્યા બાદ, તેમણે કાપડને લગતા રંગ બનાવતી કંપનીની સ્થાપના કરી હતી. જે કાપડ માટે રંગ બનાવનાર ભારતની પ્રથમ કંપની હતી.

હાલના સમયમાં વિશ્વ કૃત્રિમ કાપડથી સુતરાઉ કાપડ તરફ વળી રહ્યું છે. *અરવિંદ મિલે* ડેનિમ અને ઉચ્ચ ગુણવત્તાવાળા સુતરાઉ કાપડ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રવેશ કર્યો તથા સુતરાઉ કાપડનાં સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકર્તા તરીકે તે વિશ્વનું ત્રીજું સૌથી મોટું ડેનિમ ઉત્પાદન એકમ બની ગયું છે.

(a) મોટા ભાગના ગુજરાતીઓ કેવી રીતે ગુજરાન ચલાવે છે? **(1)**

........................................................................................................................................

(b) વણાટ ઉદ્યોગના યંત્રિકરણનો શું ફાયદો હતો? **(1)**

........................................................................................................................................

(c) રણછોડલાલ સફળ થયાના ક્યા પુરાવા છે? **બે** વિગતો આપો. **(2)**

........................................................................................................................................

........................................................................................................................................

(d) *અરવિંદ મિલના* ઉચ્ચ ગુણવત્તાવાળાં ઉત્પાદનો શા માટે લોકોને આકર્ષતાં હતાં? **(1)**

........................................................................................................................................

(e) ગુજરાતમાં જીન્સની ફેશન આજના સમયમાં શા માટે અગત્યની બની ગઈ છે? **(1)**

........................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

**TOTAL FOR SECTION B = 20 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA



P 7 4 0 6 4 A 0 8 1 6

**SECTION C: WRITING (RESEARCH TASK)**

**Respond to ONE question from this section.**

**We recommend that you spend around 1 hour 25 minutes on this section.**

**Write approximately 300 to 350 words.**

**EITHER**

**6 સમાજમાં મહિલાઓનું સ્થાન**

ગુજરાતી મહિલાઓને મળતી વિકાસની તકો દ્વારા મેળવેલી સિધ્ધિ વિશે ઇન્ટરનેટમાં અપાયેલ નીચેનો લેખ વાંચો.

> ગુજરાત રાજ્યની *સ્વયંસિધ્ધા યોજના* એટલે મહિલાઓનાં વિકાસ અને સશક્તિકરણનો સમન્વય. સ્વયંસિધ્ધા એટલે જેઓમાં સશક્ત થવાની શક્તિ છે. આ યોજનાનો હેતુ મહિલાઓના સર્વાંગી વિકાસનો છે. આ ક્ષેત્રમાં ચાલતા કાર્યક્રમોનો લાભ મહિલાઓને મળે તે માટે તેમાં એકસૂત્રતા લાવી તેમનું સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક રીતે સશક્તિકરણ સધાય તે મુખ્ય ઉદ્દેશ છે.
>
> આ માટે ગુજરાતનો મહિલા વિભાગ ગ્રામીણ મહિલાઓમાં વિવિધ કળા વિકસાવી તેમને સ્વનિર્ભર બનાવવાની દિશામાં કાર્યરત છે. *બોસ ઇન્ડિયા ફાઉન્ડેશન* દ્વારા લીલાપુર, હઠિપુરા તેમજ અન્ય ગામોની બહેનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી સિલાઈની ત્રણ મહિનાની તાલીમ બાદ કપડાં બનાવવાની કંપનીમાં નોકરી માટેની તક આપવામાં આવી. આને કારણે ગ્રામીણ મહિલાઓ સમાજના મુખ્ય પ્રવાહમાં ભળતી થઈ છે.
>
> આ વર્ષે ઊજવાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના કાર્યક્રમોમાં વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપતી મહિલાઓએ મેળવેલ સિદ્ધિ ઉપરાંત તેઓએ વ્યક્ત કરેલા વિચારો અન્ય નારીઓને માર્ગદર્શન આપે છે. રાજકોટનાં મહિલા કલેક્ટર કહે છે કે વહીવટીતંત્રમાં સરળતા અને સચોટતા લાવવા માટે તમામ વિભાગોમાં કાર્યરત બધા અધિકારીઓની ભૂમિકા ખૂબ અગત્યની છે. રાજકોટ મેડિકલ કૉલેજના ઉપરી કહે છે કે લોકોની ચિંતા કર્યા વગર મહિલાઓએ તેઓમાં રહેલી શક્તિને ઓળખીને પોતાનો વિકાસ કરવો જોઈએ.

**આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.**

***'નારી શક્તિઓની જાગૃતિ વિકાસના દ્વાર ખોલવા માટેની ચાવી છે.'***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**7 ભારતીય સમાજ પર ગાંધીજીની અસર**

મહાત્મા ગાંધી વિશે સમાચારપત્રમાં છપાયેલ નીચેનો લેખ વાંચો.

ગાંધીજી પોતે એક પ્રગતિશીલ પુરુષ હતા. તેઓ *સત્યના પ્રયોગો* પુસ્તકનાં પોતાના લખાણોમાં કહે છે કે અમુક વિચારોનો ત્યાગ કરો, નવા વિચારો અપનાવો અને નવી વસ્તુઓ વિષે શીખો. વૃદ્ધ થયા હોવા છતાં તમારો વ્યક્તિગત વિકાસ થતો અટકાવશો નહીં. ગાંધીજીના *'મારું જીવન એ જ મારી વાણી'ના* જીવનમંત્રનું ઉદાહરણ લઈને લોકો સત્ય, અહિંસા, શાંતિ અને સ્વચ્છતાના મૂલ્યો સમજે છે.

મહાત્મા ગાંધીજીની ફિલસૂફીનો વારસો આજના યુગમાં પણ પ્રચુર છે. વર્તમાન યુગના પડકારો અને સંઘર્ષો જેવા કે પર્યાવરણીય તથા સામાજિક સમસ્યાઓ માટેના ઉપાયો પૂરા પાડીને બાહ્ય તથા આંતરિક ગુણોને વિકસાવવા માટે તે સક્ષમ છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાનું વાંકાનેરડા ગામ ગંદુ અને અવ્યવસ્થિત હતું. સુરેશ નામનાં યુવાને ગાંધી વિચારસરણીનાં જીવનમૂલ્યો સમજાવીને ગામની તો જાણે શિકલ જ બદલી નાખી. ગામના લોકો કહે છે કે સુરેશે લોકોના તન અને મનને હકારાત્મક વલણથી બદલી નાખ્યાં છે. તેની દોરવણી હેઠળ ગામના લોકોએ બાહ્ય તેમજ આંતરિક શક્તિનો વિકાસ કર્યો છે. જેમ કે બીજાના દોષ જોવાને બદલે આત્મબળ અને દ્રઢ સંકલ્પ વિકસાવવા જોઈએ. આ વાત સાબિત કરે છે કે ગાંધીજીની વિચારસરણી આજે પણ એટલી જ અસરકારક છે.

**આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો. આપનો જવાબ ગુજરાત રાજ્ય અથવા ભારતના અન્ય પ્રદેશો જ્યાં ગુજરાતી ભાષા બોલાતી હોય તેના પર જ કેન્દ્રિત હોવો જોઈએ.**

***'ગાંધીજીના વિચારો થકી બાહ્ય જ નહીં, આંતરિક સમૃધ્ધિ પણ મળી શકે છે.'***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**8 પ્રવાસન**

ગુજરાતના પ્રવાસન વિશે સમાચારપત્રમાં છપાયેલ નીચેનો લેખ વાંચો.

ગુજરાતની યોગ, આયુર્વેદિક, હોમિયોપેથિક, નેચરોથેરાપી, હિલિંગ અને રેકી જેવી પદ્ધતિઓ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. ગુજરાતમાં અમદાવાદ, નડિયાદ, કરમસદ અને વડોદરામાં વિશ્વ સ્તરનાં આધુનિક દવાખાનાં અને ચિકિત્સા સુવિધા માટેનાં કેન્દ્રો આવેલાં છે. હિન્દુઓના શરીર અને આત્માને શુદ્ધ રાખવાની પ્રાચીન યોગ પદ્ધતિએ દુનિયાના લોકોને પ્રભાવિત કર્યા છે. ચિકિત્સા માટેની સગવડોને લીધે પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

ચિકિત્સા માટે આવેલ મુલાકાતીઓ, ત્યાંથી એક-બે કલાકના અંતરે મધ્ય ગુજરાતમાં કેવડિયા કૉલોનીમાં આવેલા પ્રખ્યાત *સ્ટેચ્યુ ઑફ યુનિટિની* મુલાકાત લેવાનું ચૂકતા નથી. અખંડ ભારતના નિર્માતાનું પૂતળું હાલમાં વિશ્વ કક્ષાનું પ્રવાસન કેન્દ્ર બની રહ્યું છે. પ્રવાસીઓ માટે નવા નજરાણાંરૂપી અનેકવિધ યોજનાઓ આકાર પામી રહી છે. અત્યારે *ચિલ્ડ્રન્સ ન્યૂટ્રિશ્યન પાર્ક, ગ્લો ગાર્ડન, ડાયનોસોર પાર્ક, એકતા મોલ,* અને નૌકાવિહાર પ્રવાસીઓ માટે આકર્ષણનાં કેન્દ્રો બન્યાં છે. આ ઉપરાંત, પ્રવાસીઓના બજેટને અનુરૂપ રહેવા-જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આથી વિવિધ ક્ષેત્રોનાં લોકોને રોજગારની તકો મળે છે.

વિશ્વમાં *બેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટિનેશન* તરીકે બિરુદ મેળવી ચૂકેલા *સ્ટેચ્યુ ઑફ યુનિટિને* નિહાળવા દેશવિદેશમાંથી કરોડો પ્રવાસીઓ મુલાકાત લેતા હોવાથી ગુજરાત સરકારને પ્રવેશ ફી રૂપે કરોડો રૂપિયાની આવક થઈ છે.

**આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.**

***'ગુજરાત વિવિધ પ્રવાસનો માટે ભારતનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.'***

**(40)**

**OR**

**9 ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા**

ન્યાય વ્યવસ્થા વિશે ગુજરાત સરકારની વેબસાઇટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચો.

> ગુજરાતમાં કાયદો, વ્યવસ્થા, શાંતિ અને સુરક્ષિતતા માટે પોલીસ દળ અદ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ કરે છે. આ માટેની *પૉકેટ કૉપ* યોજના અંતર્ગત રાજ્યનાં દરેક ખાતાનાં પોલીસ કર્મચારીઓને લાખો અપરાધીઓના ગુનાઓની માહિતી મોબાઈલ ફોનમાં તરત જ ઉપલબ્ધ થાય છે. જેથી તેઓ થયેલા અપરાધની સામે આ માહિતીની સરખામણી કરી બનેલ ઘટનાનો તાત્કાલિક રીતે ઉકેલ લાવી શકે છે. જેના કારણે પોલીસની કામગીરીમાં ચોક્કસાઈ, ઝડપ અને અસરકારકતા જોવા મળે છે.
>
> *ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ* કાયદાને લીધે વિજળી, વાહનવ્યવહાર અને રસ્તાઓના માળખાંનો વિકાસ વેગવંતો બન્યો છે. રાજ્યમાં ઔદ્યોગિક વસાહતોમાં નવા ઉદ્યોગોને સ્થાપવા માટે કરવેરો, સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં રાહત જેવી સવલતો પૂરી પાડવામાં આવે છે.
>
> નિશાળ માટેની બસ, વાન કે રીક્ષાની ઘટનાઓને ધ્યાનમાં લઈને, વિદ્યાર્થીઓની સુરક્ષા માટે ગાંધીનગરના વાહનવ્યવહાર વિભાગ દ્વારા માર્ગ સલામતી માટેના ઘણા નિયમો અમલમાં આવ્યા છે. આ ઉપરાંત, સૌરાષ્ટ્ર મહાવિદ્યાલય, તબીબોની ટુકડી અને *સુરક્ષા સેતુ દળના* પોલીસ અધિકારીઓના સહયોગથી વિશ્વવિદ્યાલયોમાં વ્યસનમુક્તિ માટેના અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ છે અને જો કોઈને વ્યસન હોય તો તેને છોડાવવા માટે મદદ કરવામાં આવશે.

**આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.**

***'નવા ફેરફારોને કારણે ગુજરાત સલામત અને વિકાસશીલ બન્યું છે.'***

**(40)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**Indicate your question choice on this page.**

**Indicate which question you are answering by marking a cross (☒) in the box. If you change your mind, put a line through the box (☒) and then indicate your new question with a cross (☒).**

**Chosen question number:**

**Question 6** ☒ **Question 7** ☒ **Question 8** ☒ **Question 9** ☒

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**TOTAL FOR SECTION C = 40 MARKS**

**TOTAL FOR PAPER = 80 MARKS**



P 7 4 0 6 4 A 0 1 5 1 6

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**Source information**

**Title: TRANSLATION**
http://mosmi4sandip.blogspot.com/2009/

**Title:** વ્યવસાયો તરફ પરંપરાગત અને આધુનિક આભિગમ
https://westerntimesnews.in/news/40057

**Title:** યુવાનોના જીવન પર ઇન્ટરનેટની અસર
https://kartikm.wordpress.com/2010/06/19/meeting-with-vinaybhai/

**Title:** પર્યાવરણની સમસ્યાઓ તરફ બદલાતા વલણ
https://gujaratindia.gov.in/initiatives/initiatives-guj.htm?InitiativeId=fnr3XFIaAvImyTXYialRIw==
https://newsplusgujarati.com/%E0%AA%A6%E0%AB%87%E0%AA%B6%E0%AA%A8%E0%AB%81%E0%AA%82-%E0%
AA%AA%E0%AB%8D%E0%AA%B0%E0%AA%A5%E0%AA%AE-%E0%AA%AA%E0%AB%8D%E0%AA%B2%E0%AA%BE
%E0%AA%B8%E0%AB%8D%E0%AA%9F%E0%AB%80%E0%AA%95-%E0%AA%95/

**Title:** કાપડ ઉદ્યોગનો વિકાસ
https://nri.gujarat.gov.in/Portal/News/151_1_30sep16%20%281%29%20%281%29.pdf
Textile Industry NRG TIMES connecting Gujaratis' diaspora globally

**Title:** સમાજમાં મહિલાઓનું સ્થાન
https://www.chitralekha.com/news/gujarat/international-women-day-2020-real-celebration/
https://www.chitralekha.com/womens-day/international-womens-day-2020-rajkot-collector-remya-mohan-special-story/
https://gujaratindia.gov.in/initiatives/initiatives-guj.htm?InitiativeId=LjTCkY/B4enpYr54i3TeyQ==

**Title:** ભારતીય સમાજ પર ગાંધીજીની અસર
https://www.gujarat-samachar.com/%E0%AA%B2%E0%AB%87%E0%AA%96/%E0%AA%85%E0%AA%A4%E0%AB%8
0%E0%AA%A4%E0%AA%A5%E0%AB%80-%E0%AA%86%E0%AA%9C/%E0%AA%97%E0%AA%BE%E0%AA%82%E0%
AA%A7%E0%AB%80%E0%AA%9C%E0%AB%80-%E0%AA%9C%E0%AB%87%E0%AA%B5%E0%AA%BE%E0%AA%82-
%E0%AA%B5%E0%AB%8D%E0%AA%AF%E0%AA%95%E0%AB%8D%E0%AA%A4%E0%AA%BF%E0%AA%A4%E0%AB%
8D%E0%AA%B5%E0%AB%8B-%E0%AA%A4%E0%AB%8B
https://issuu.com/abpl/docs/gs_23rdseptember2017?e=1256050/53410609

**Title:** પ્રવાસન
https://gujaratindia.gov.in/about-gujarat/health-tourism-guj.htm
https://gujarati.oneindia.com/amphtml/news/gujarat/statue-of-unity-vs-statue-of-liberty-how-many-tourists-arrriving-daily-050337.html

**Title:** ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા
https://chitralekha.com/news/gujarat/4900-smart-mobile-phone-equipped-with-data-connectivity-pocket-cop/
https://gujaratindia.gov.in/initiatives/initiatives-guj.htm?InitiativeId=LjTCkY/B4enpYr54i3TeyQ==
https://www.akilanews.com/Rajkot_news/Detail/2019-07-12/116983
https://www.akilanews.com/Gujarat_news/Detail/2019-07-12/110153

Every effort has been made to contact copyright holders to obtain their permission for the use of copyright material. Pearson Education Ltd. will, if notified, be happy to rectify any errors or omissions and include any such rectifications in future editions.

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA